


ગુ.યુનિ.ના કુલપતિશ્રી હિમાંશુભાઈ પંડ્યા મનનીય ઉદ્દ્ઘાટન પ્રવચન આપી રહ્યા છે.



ડૉ. રવિન્દરકુમાર ચઢ્ઢા ૩૬મા પરિસંવાદ નુ કી નોટ પ્રવચન આપી રહ્યા છે.



સંઘના ઉપપ્રમુખ રમણલાલ પટેલની સેવાઓ બદલ તેમનુ શાલ ઓઢાડી બહુમાન કરી રહેલા ગુ.યુનિ.ગ્રંથપાલ ડૉ.યોગેશભાઈ પારેખ



સંઘના તત્કાલીન મંત્રી પંકજભાઈ બાવિશીની દિર્ઘકાલીન સેવા બદલ તેમનુ શાલ ઓઢાડી બહુમાન કરી રહેલા ગુ.યુનિ.ગ્રંથપાલ ડૉ.યોગેશભાઈ પારેખ



ગ્રંથશોભા યાત્રામા સિન્ડીકેટ સભ્ય પ્રો. જશવંત ઠક્કર, રમણલાલ પટેલ, પંકજભાઈ બાવિશી અને અન્ય



સંઘના ખજાનચીશ્રી કિરીટભાઈ ગંધકવાલા સમગ્ર પરિસંવાદની આભારવિધિ કરી રહ્યા છે.

મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (પ્રમુખ)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૩૨૩

<u>બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર</u>



॥ संघात् सखायते सन्धि॥ ISSN : 0970 - 5244

# ગ્રંથાલોક

તંત્રી : શ્રી પંકજભાઈ બાવિશી

વર્ષ : ૪૨ અંક - ૧ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર જાન્યુઆરી થી માર્ચ - ૨૦૨૦




૬ઠ્ઠા રાષ્ટ્રીય અને ૩૬મા ત્રિદિવસીય ગ્રંથાલય પરિસંવાદ અમદાવાદની માહિતી દર્શાવતુ બેનર



કુલપતિશ્રી અને મંચસ્થ મહાનુભાવો દીપ પ્રાગટ્ય કરી પરિસંવાદ નુ ઉદ્દ્ઘાટન કરી રહ્યા છે.



કુલપતિશ્રી અને ઉપકુલપતિશ્રી સાથે મંચસ્થ મહાનુભાવો બુક ઓફ પેપર્સ નુ વિમોચન કરે છે.



સંઘના પ્રમુખશ્રી કિરીટભાઈ ભાવસારનુ અવસાન થતા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામા આવે છે.

પ્રકાશક : પ્રમુખ, પંકજભાઈ બાવિશી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫ - મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩. (ગુજરાત)
(મોબાઈલ - ૬૩૫૧૪૦૫૩૨૩)

ફોન : પંકજભાઈ એમ. બાવિશી (પ્રમુખ) : ૬૩૫૧૪૦૫૩૨૩
રમણલાલ એલ. પટેલ (ઉપપ્રમુખ) : ૯૩૭૫૧ ૭૯૬૧૭ કિરીટભાઈ બી. ગંધકવાલા (મંત્રી) : ૯૮૭૯૯ ૫૩૯૬૬
હિમાંશુભાઈ પાંધી (ખજાનચી)મો. ૯૪૨૭૨૦૭૫૬૫

# ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૬ઠ્ઠો રાષ્ટ્રીય અને ૩૬મા ગ્રંથાલય પરિસંવાદનો અહેવાલ

તા. ૨૩ થી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૦

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૬ઠ્ઠો રાષ્ટ્રીય અને ૩૬મા ગ્રંથાલય પરિસંવાદ અમદાવાદ ખાતે આવેલ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૦ને ગુરુવારના રોજ સવારના ૯.૦૦ કલાકે પ્રતિનિધિઓની નોંધણીથી શરૂઆત થઈ. નોંધણીનું કાર્ય સંઘના ખજાનચીશ્રી કિરીટભાઈ ગંધકવાલા તથા જામનગરથી પધારેલ સંઘના કર્મઠ અને ઉત્સાહી કાર્યકરશ્રી હિમાંશુ પાંધીના કરકમળોથી શરૂ થયું. કીટ ભરવામાં તથા તેનું વિતરણ કરવામાં ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થી ભાઈ-બહેનોના પ્રશંસનીય સહકારથી ખૂબ જ સરળ બન્યું. પરિસંવાદ અમદાવાદ મુકામે હોવાથી અમારી કલ્પના બહાર ગુજરાત રાજ્યના ખૂણે-ખૂણાએથી પ્રતિનિધિઓ આવતા ગયા અને જોત-જોતામાં સંખ્યા બસોને પાર કરી ગઈ.

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પરિસંવાદનો ઉદ્ઘાટન સમારંભ સવારના ૧૧.૧૫ કલાકે ખુશનુમા અને આહ્લાદક વાતાવરણમાં ગુજરાત યુનિવર્સિટીના પરમ આદરણીય કુલપતિશ્રી હિમાંશુ પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. અન્ય મંચસ્થ મહાનુભાવોમાં અતિથિ વિશેષ તરીકે પધારેલ ઉપકુલપતિશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, કી નોટ સ્પીકર તરીકે અમારા આમંત્રણને માન આપી દિલ્હીથી પધારેલ ભારત સરકાર (લોકસભા)ના સંસદીય પૂર્વ અધિક અગ્રસચિવશ્રી ડૉ. રવિન્દરકુમાર ચઢ્ઢા, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલ, મંત્રીશ્રી પંકજ બાવિશી, ખજાનચીશ્રી કિરીટ ગંધકવાલા, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના કાર્યકારી ગ્રંથપાલ અને કોન્ફરન્સ ડાયરેક્ટરશ્રી ડૉ. યોગેશ આર. પારેખ તથા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કો-ઓર્ડિનેટર શ્રીમતી ડૉ. ગીતાબહેન જી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્ઘાટન સમારંભની શરૂઆત પ્રાર્થના, યુનિવર્સિટી ગીત તથા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના મંત્રીશ્રી પંકજ બાવિશીએ મંચસ્થ મહાનુભાવોનો પરિચય આપી કહ્યું કે, આ એક એવી શિક્ષણ નગરી અને તપોભૂમિ છે જેમાં ડૉ. ઉમાશંકર જોષી, ડૉ. પી. સી. વૈદ્ય જેવા અનેક મહાનુભાવોએ સિંચન કર્યું છે અને આજે પ્રો. ડૉ. હિમાંશુભાઈ પંડ્યા અને ડૉ. જગદીશભાઈ ભાવસાર સિંચન કરીને ઉચ્ચતમ શિખરો સર કરવાના ઉન્નત પ્રયાસો કરી રહ્યા છે. આવા મહાનુભાવોનું પુસ્તક તથા ફુલછડીથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલે ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપી અને સંઘના ૬ઠ્ઠા રાષ્ટ્રીય અને ૩૬મા ગ્રંથાલય પરિસંવાદની થીમ "૨૧મી સદીના ગ્રંથાલય વ્યવસાયિકો માટે કૌશલ્ય અને ક્ષમતાઓ (Skills and Competencies for the 21st Century Library Professionals) વિષય શા માટે પસંદ કરવામાં આવ્યો તેની વિગતો આપતાં કહ્યું કે આ પરિસંવાદમાં કુલ ૨૪ લેખો આવ્યા છે. લેખ લખનાર સર્વને સંઘ વતી અભિનંદન પાઠવી પોતાની વાણીને વિરામ આપ્યો હતો. કી નોટ સ્પીકર તરીકે પધારેલ ડૉ. રવિન્દરકુમાર ચઢ્ઢાએ કહ્યું કે સમયના અભાવે મારું કી નોટ એડ્રેસ હવે પછીના

સેશનમાં આપીશ. પરંતુ મારે થોડીક વાતો તમારી સાથે શેર કરવી છે. તેમ કહેતા જણાવ્યું કે આ સંઘનો હું કાયમી સભ્ય છું. તેથી I am happy to be hare with you. મારી પ્રોફેશનલ કેરિયરની યાત્રા અમદાવાદ સ્થિત એન.આઈ.ડી.માંથી થઈ. ટેક્નોલોજિના માધ્યમો દ્વારા ગ્રંથાલય સેવાઓ કેવી રીતે પૂરી પાડી શકાય તેની વિસ્તૃત છણાવટ કરી સમયના અભાવે પોતાનું વકતવ્ય પૂરું કર્યું.

અધ્યક્ષસ્થાને મનનીય અને પ્રેરણાદાયી પ્રવચન આપતાં માનનીય કુલપતિશ્રી ડૉ. હિમાંશુ પંડ્યા સાહેબે નવી પેઢીના યુવકોને ટેક્નોલોજિના ડિજિટલ યુગમાં આઈસીટીનો ઉપયોગ મહત્ત્વપૂર્ણ છે અને જરૂરિયાત પણ છે. તેમ કહેતાં જણાવ્યું કે સોશિયલ નેટવર્ક, ગુગલ, ફેસબુક, ટ્વીટર, યુ ટ્યુબ, વિકીપિડીયા, સ્લાઈડ શેર, સ્કાયપી, જુદી જુદી લીંકથી વાચકો સાથે જોડાયેલા રહેવું જોઈએ જેથી વાચકોને ટેક્નોલોજિના સહાયથી જરૂરી માહિતી ત્વરિત આપીને સહાયક બની રહેવાય ટેક્નોલોજિથી આખી દુનિયા મુઠ્ઠીમાં સમાઈ ગઈ છે. તેમ કહી પરિસંવાદ સફળ બને તેવી શુભેચ્છા પાઠવી પોતાની વાણીને વિરામ આપ્યો હતો. ત્યારબાદ 'બુક ઓફ પેપર્સ'નું મંચસ્થ મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે ડૉ. યોગેશ પારેખ દ્વારા શ્રી રમણલાલ એલ. પટેલ અને શ્રી પંકજ બાવિશીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. અંતમાં ખજાનચીશ્રી કિરીટ ગંધકવાલા દ્વારા આભાર વિધિ કરવામાં આવી, જેમાં તેમણે સમારંભના અધ્યક્ષ અને ઉદ્ઘાટક તરીકે પધારેલ માનનીય કુલપતિશ્રી હિમાંશુ પંડ્યા, અતિથિ વિશેષ ડૉ. જગદીશભાઈ ભાવસાર, કી નોટ સ્પીકર ડૉ. ચઢ્ઢા, એન્કરશ્રી રોહન શાહ તથા આમંત્રણને માન આપી પધારેલ સર્વ મહાનુભાવોનો, રાજા રામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન, કોલકતા તથા ગ્રંથાલય ખાતાનો પરિસંવાદના આયોજન માટે સહાયરૂપ થવા બદલ આભાર માન્યો. તમામ ઉપસ્થિત ગ્રંથાલયોનો, ડૉ. યોગેશ પારેખ, ડૉ. ગીતાબહેન ગઢવીનો તથા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના સર્વ ભાઈ-બહેનોનો ખાસ આભાર વ્યક્ત કરતાં ઉદ્ઘાટન સમારંભ પૂર્ણ થયેલો જાહેર કર્યો હતો અને સર્વજનોને ભોજન લેવા માટેનું નિમંત્રણ પાઠવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત યુનિવર્સિટીના હેડ કલાર્ક શ્રી રોહન શાહે કર્યું હતું.

**તારીખ ૨૩મી જાન્યુઆરી એટલે સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ દિન. જન્મ જયંતિ દિનની ઉજવણી નિમિત્તે ઉદ્ઘાટન સમારંભ પૂર્ણ થયા બાદ ગ્રંથશોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રંથશોભા યાત્રા ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની જોબ ટ્રેઈની બહેનો તથા તેના કર્મચારીઓ દ્વારા સુભાષચંદ્ર બોઝના અને તેમની ઉપર લખાયેલા પુસ્તકોને બાજોટ ઉપર મૂકી યુનિવર્સિટી સેનેટ હોલથી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય સુધી યુનિવર્સિટી પરિસરમાં જ ઢોલ-નગારાં સાથે એક ગ્રંથશોભા યાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં સિન્ડીકેટ સભ્ય પ્રો. જશવંત ઠક્કર, સંઘના ઉપપ્રમુખ રમણલાલ પટેલ, મંત્રી પંકજભાઈ બાવિશી, અન્ય હોદ્દેદારો, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થી ભાઈ-બહેનો, તેનો શિક્ષક ગણ અને પરિસંવાદમાં હાજર રહેલ તમામ પ્રતિનિધિઓ જોડાયા હતા. કુલપતિશ્રી દ્વારા લીલી ઝંડી આપવામાં આવી હતી અને યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગ્રંથશોભા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સર્વ ભોજન લેવા વિખૂટા પડ્યા હતા.**

**ખૂબજ અગત્યનું ☞ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ**

**☞ Websie : www.gujaratgranthalayasevasangh.in**

**☞ Email : gujaratgranthalayasevasangh@gmail.com**

**વધુ માહિતી માટે ☞ હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો મો. ૯૪૨૭૩૨૦૭૫૬૫**

## બીજરૂપ ભાષણ (Key Note Address) અને વિશિષ્ટ વ્યાખ્યાન-૧

તા. ૨૩-૦૧-૨૦૨૦ સમય : બપોરના ૨.૩૦ થી ૩.૩૦

**વક્તા : ડૉ. રવિન્દ્રકુમાર ચઢ્ઢા ન્યુ દિલ્હી (Key note speaker)**

**ડૉ. મયંક ત્રિવેદી, વડોદરા (Expert Lecture)**

**સ્થળ : સેમિનાર હોલ, વાણિજ્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી**

બીજરૂપ વ્યાખ્યાન શરૂ થાય તે પહેલા ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના મંત્રીશ્રી પંકજ બાવિશીએ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખ સ્વર્ગસ્થ શ્રી કિરીટભાઈ કાંતિલાલ ભાવસારનો પરિચય આપતાં કહ્યું કે ગાંધીજીવન-દર્શનના ઉપાસક સ્વ. કિરીટભાઈ ભાવસાર ગુજરાતના ગ્રંથાલય ક્ષેત્રના ખરા અર્થમાં 'ગાંધીજન'/'વૈષ્ણવજન' તેમજ તેના પ્રહરી પણ હતા. તેઓ ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના કાર્યકારી ગ્રંથપાલ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વડા તરીકે સેવાઓ આપીને માર્ચ, ૨૦૦૦માં સ્વૈચ્છિક રીતે સેવા નિવૃત્ત થયા હતા. 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'ના કાર્યમાં શરૂઆતથી જ સક્રિય કાર્યકર તરીકે જોડાયા. આ સંઘની સ્થાપના પછી સંઘના પ્રત્યેક કાર્યમાં તેઓશ્રી મંત્રીશ્રી પી.સી. શાહનો પડછાયો બનીને ઊભા રહ્યા. સંઘની બધી જ પ્રવૃત્તિઓમાં તેમનો વિશેષ સહયોગ રહ્યો હતો. સ્વ. પ્રવીણભાઈ શાહના શબ્દોમાં કહીએ – "ગુજરાતીમાં બોલ-ચાલ સિવાય લખવાનો મારો કોઈ ખાસ મહાવરો ન રહ્યો હોવાથી કિરીટભાઈ ઉપર આધારિત રહું છું. મારા ગુજરાતી લખાણો તેમના તપાસ્યા બાદ જ છાપવા માટે મોકલું છું." કિરીટભાઈ સંઘમાં ઉપપ્રમુખના હોદ્દા ઉપર રહી પ્રસન્નતાપૂર્વક સંઘના વિવિધ કાર્યો કરતા રહ્યા હતા. સિવાય કે સંઘના પ્રમુખ પી.સી. શાહના સને ૨૦૧૫માં અવસાન બાદ સંઘના સભ્યોના આગ્રહને વશ થઈ સંઘના પ્રમુખ તરીકે જીવન પર્યંત સેવાઓ આપી. તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ના દિને પ્રભુ ચરણ થતાં ગ્રંથાલય વિદ્યાજગત-સવિશેષતઃ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ અને ગુજરાતનો બૃહદ ગ્રંથાલય પરિવાર તેમની ખોટ અનુભવતાં અશ્રુમિશ્રિત હૈયે શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં સદ્‌ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના આ ઉપરાંત ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના આજીવન સભ્ય તથા માણેકલાલ જેઠાલાલ સાર્વજનિક પુસ્તકાલયના સેવા નિવૃત્ત મદદનીશ ગ્રંથપાલશ્રી અરવિંદભાઈ જયંતીલાલ પાઠકનું પણ આજથી બે દિવસ પહેલાં તા. ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

આ બંને સદ્‌ગત મહાનુભાવોને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

બીજરૂપ ભાષણ (Key Note Address) માટે દિલ્હીથી પધારેલ ડૉ. રવિન્દ્રકુમાર ચઢ્ઢા સાહેબનો સંક્ષિપ્ત પરિચય ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કો-ઓર્ડિનેટર અને એસોસિએટ પ્રોફેસર ડૉ. ગીતાબહેન ગઢવીએ આપતાં કહ્યું કે તેઓ મારા પીએચ.ડી.ના માર્ગદર્શક છે, તેનો મને સવિશેષ આનંદ છે અને હું ગૌરવની લાગણી અનુભવું છું.

ડૉ. રવિન્દર કુમાર ચઢ્ઢાએ 'એકવીસમી સદીના ગ્રંથાલય વ્યવસાયિકો માટે કૌશલ્ય અને ક્ષમતાઓ' વિષય ઉપર પોતાના બીજરૂપ ભાષણ આપતાં નોલેજ ઇકોનોમી, ન્યુ ટેક્નોલોજિ, ગ્લોબલ ટેક્નોલોજિ, કોલોબ્રેટીવ રીસર્ચ, શિક્ષણમાં ગ્રંથાલયોની ભૂમિકા ઇત્યાદિ વિશે તથા Reading is key to success અંગે વિશદ્ ચર્ચા કરતાં કહ્યું કે પુસ્તકોની દુનિયામાં ક્રાંતિ લાવનાર ડિજિટલ બુક્સ અને ઈ-રીડરની ભૂમિકા મહત્ત્વની છે. ડિજિટલ બુક્સથી પુસ્તક પ્રકાશનના ક્ષેત્રે એવી ક્રાંતિ આવી છે કે કમ્પ્યુટર બનાવતી કંપની એપલ, ટીવી બનાવતી કંપની સોની, સર્ચ એન્જિન ગુગલ કે પછી પુસ્તક વેચતી કંપની એમેઝોન, સૌને ઈ-બુક અને ઈ-રીડરમાં ઊંડો રસ પડ્યો છે અને ૨૦૦૯માં એપલના સ્ટીવ જોબ્સે કહ્યું હતું કે ઈ-બુક્સનું માર્કેટ બહુ મોટું નથી, પણ બીજા વર્ષે એમણે સૂર બદલ્યો હતો. આજના સમયમાં આખું પુસ્તક વાંચવાનો સમય કોને છે ? સ્માર્ટફોનને કારણે આખી દુનિયા બદલાઈ ગઈ છે. આપણે હવે કોઈ પણ બાબત ઉપર લાંબો સમય ધ્યાન આપી શકતા નથી. વાંચનનું પણ એવું જ થયું છે. એ વાત સાચી પણ કિન્ડલ એપમાં તમે તમારા ગમતા કોઈપણ વિષયના પુસ્તકનાં સેમ્પલ પેજીસ ડાઉલોડ કરી શકો છો. કિન્ડલ એપમાં તમારી પસંદના વિષયો કે લેખકોની ઈ-બુક્સનાં ફોલ્ડર બનાવી શકશો. વધુમાં કહ્યું કે આપણે દુનિયાના સૌથી વિશાળ અને સૌથી વધુ ઝડપથી અપડેટ થતા જ્ઞાનસ્ત્રોત તરીકે વિકિપીડિયાને ઓળખીએ છીએ. વોર્ડ કનિંગહામ નામની એક વ્યક્તિએ ઇન્ટરનેટ ઉપર એક એવી વ્યવસ્થા વિકસાવી કે લોકો તેમાં પોતાની રીતે કન્ટેન્ટ ઉમેરી શકે અને એડિટ પણ કરી શકે. વધુમાં કહ્યું કે આધુનિક સમયમાં IT અને ICT નો ઉપયોગ મહત્ત્વપૂર્ણ છે તે અંગે ગ્રંથાલયમાં ક્ષમતા અને કૌશલ્ય હોવાં એ આ યુગની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે. ગ્રંથપાલે ગ્રંથાલય યાંત્રિકરણ, ડિજિટલાઈઝેશન, ઇન્ટરનેટ સુવિધા, ઓન લાઈન ડેટાબેઝ, બ્લોગ નિર્માણ, વેબપેજ નિર્માણ, ઈ-કોન્ફરન્સ, ઈ-મેઈલ, ઓપેક, વેબ ઓપેક, ડેટાબેઝ એક્સેસ, વેબ બેઝડ યુઝર એજ્યુકેશન વગેરેથી સતત અપડેટ રહેવું પડશે. આપણા રોજિંદા જીવન પર નવા સમયની સ્માર્ટ ટેક્નોલોજિનો જબરજસ્ત પ્રભાવ છે. આપણે ડિજિટલ લિટરસી કેળવવા તરફ ધ્યાન આપીશું, પણ ભાર મૂકીશું ડિજિટલ સ્કિલ્સ ડેવલપ કરવા પર એમ કહી પોતાનું ચાવીરૂપ ભાષણ પૂરું કર્યું હતું.

ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ એલ. પટેલે બીજરૂપ ભાષણ આપવા ડૉ. ચઢ્ઢા સાહેબનો સંઘ વતી આભાર માન્યો હતો જ્યારે એમ.એસ. યુનવર્સિટીના ગ્રંથપાલ ડૉ. મયંક ત્રિવેદી હસ્તે ડૉ. રવિન્દરકુમાર ચઢ્ઢાને મોન્ટેટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા ડૉ. મયંક ત્રિવેદીને વિશિષ્ટ વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કર્યા હતા અને તેમનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો.

થીમ આધારિત વિશિષ્ટ વ્યાખ્યાન આપતાં ડાં. મયંક ત્રિવેદીને ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી હતી. સંઘે આગામી સમયમાં કેવા કાર્યો કરવા જોઈએ તેની ઝાંખી કરાવી હતી અને સંઘની વેબસાઈટ ઉપર થોડી ટીકાત્મક ચર્ચા પણ કર હતી જેની અનુસંધાનમાં સંઘના મંત્રીશ્રી પંકજભાઈ બાવિશીએ સંઘની વેબસાઈટ અંગે આલોચનાત્મક સ્પષ્ટતા કરી પ્રતિનિધિઓને વાસ્તવિકતાથી વાકેફ કર્યા હતા. અંતમાં ભાષણ પૂરું થતાં તેમના દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. અંતમાં ડૉ. મયંક ત્રિવેદીનું મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

## ટેક્નિકલ સેશન-૧

| | | |
|---|---|---|
| વિષય | : | ૨૧મી સદીના ગ્રંથાલય વ્યવસાયિકો માટે કૌશલ્ય અને ક્ષમતાઓ |
| તારીખ | : | ૨૩-૧-૨૦૨૦ને ગુરુવાર     સમય : બપોરના ૩.૪૦ થી ૫.૦૦ |
| ચેરપર્સન | : | ડૉ. શિશીર માંડલિયા, મદદનીશ ગ્રંથપાલ, ભાઈકાકા લાઈબ્રેરી, વલ્લભ વિદ્યાનગર |
| કો-ચેર પર્સન | : | ડૉ. બિપીનભાઈ મોદી, ગ્રંથપાલ મા. જે.પુસ્તકાલય અમદાવાદ |
| રેપોર્ટિઅર જનરલ | : | ડૉ. અશ્વિન ભાવસાર, પૂર્વ પ્રોફેશનલ આસિસ્ટન્ટ, ગુજરાત યુનવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ |

ટેક્નિકલ સેશનની શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ એલ. પટેલે ટેક્નિકલ સેશનના ચેરપર્સન તરીકે ડૉ. શિશિર માંડલિયા, કો-ચેરપર્સન તરીકે ડૉ. બિપિનભાઈ મોદીને તથા રેપોર્ટિઅર જનરલ તરીકે ડૉ. અશ્વિન ભાવસારનો સંક્ષિપ્તમાં પરિચય આપી કાર્યભાર સંભાળી લેવા વિનંતી કરી હતી.

થીમ આધારિત આ વિષય ઉપર કુલ પાંચ લેખો ગુજરાતી ભાષામાં આવ્યા હતા. આ બધા જ પેપરો અત્રે રજૂ થયા હતા.

પેપર રજૂ કરવનાર મિત્રોમાં ક્રમશઃ શ્રી નવલસિંહ કે. વાઘેલા (પૂર્વ ગ્રંથપાલ અને વિભાગીય અધ્યક્ષ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) એ ગ્રંથાલય વ્યવસાયિકો : કૌશલ્ય અને ક્ષમતાઓ પર, સુશ્રી તુપ્તિબેન ડી. મહિડા (ગ્રંથપાલ, અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડિયમ કોલેજ, વેસુ, સુરત) એ '૨૧મી સદીના ગ્રંથાલય વ્યવસાયિકો માટે કૌશલ્ય અને ક્ષમતાઓ' પર સુશ્રી વૈશાલીબેન એલ. ભાવસાર (ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ) એ 'ગ્રંથાલય વ્યવસાયિકોની કૌશલ્યતા અને ક્ષમતાઓની પગદંડીથી ઉપભોક્તાનો ગુણવત્તાયુક્ત વિકાસ' પર, સુશ્રી ભારતીબેન મદારસિંહ સોલંકી (ગ્રંથપાલ, મર્ચન્ટ બી.સી.એ. પી.જી.ડી.સી.એ કોલેજ, વિસનગર) એ 'બદલાતા જતા ડિજિટલ યુગમાં ગ્રંથપાલનું કૌશલ્ય' પર અને અંતમાં સુશ્રી કલ્પના ગઢવી (વિદ્યાર્થિની, એમ.એલ.આઈ. એસસી. જયું સેમેસ્ટર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ 'સફળ ગ્રંથાલય વ્યવસાયિકોની દૃષ્ટિએ ગ્રંથાલય કાર્યક્ષેત્રે જરૂરી કૌશલ્યો' પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. અંતમાં પેપર રજૂ કરનાર સર્વને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા. ચેરપર્સન ડૉ. શિશિર માંડલિયાએ પ્રશ્નોત્તરી માટે મંચ ખુલ્યો મૂક્યો હતો. કોઈ પ્રશ્ન નહીં આવતા પેપર રજૂ કરનારને અભિનંદન પાઠવી સંક્ષિપ્તમાં સમીક્ષા કરી હતી. આ બંને મહાનુભાવોનું મોમેન્ટો આપી અભિવાદન કર્યું હતું.

સેશનના અંતમાં ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલે ચેરપર્સન ડૉ. શિશિર માંડલિયા, કો-ચેરપર્સન ડૉ. બિપિન મોદીનો નિષ્ઠાપૂર્વક સેશન સંચાલનની જવાબદારી સંભાળવા બદલ સંઘ વતી આભાર માન્યો હતો અને સર્વને ચા-પાણી માટે નિમંત્રણ આપી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવાનું સૂચન કર્યું હતું. (સમયના અભાવે સેપ્ટ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવાનું રદ કર્યું હતું) અને સાંજે ૭.૦૦ કલાકે સ્વરુચિ ભોજન માટે પધારવા કહ્યું હતું.

# વિશિષ્ટ વ્યાખ્યાન-૨

**તારીખ : ૨૪-૧-૨૦૨૦ને શુક્રવાર** **સમય : સવારના ૧૦.૧૫ થી ૧૧.૧૫**


**વક્તા : ડૉ. અતુલ ભટ્ટ, એસોસિએટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનવર્સિટી, અમદાવાદ**


**સ્થળ :** કવિશ્રી ઉમાશંકર જોષી સભાગૃહ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ભાષા-સાહિત્ય ભવનમાં વિશિષ્ટ વ્યાખ્યાન શરૂ કરવામાં આવે તે પહેલાં સંઘના મંત્રીશ્રી પંકજ બાવિશી દ્વારા પ્રાથમિક માહિતી સાથે મનોરંજન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ ડૉ. યોગેશ પારેખ દ્વારા તા. ૨૪ જાન્યુઆરીએ બંધારણની શરૂઆત કરવામાં આવી હતી અને ગત તા. ૨૪-૧-૨૦૧૯ના રોજ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા બંધારણ દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. હાથીની અંબાડી ઉપર બંધારણનું પુસ્તક મૂકી જે ગ્રંથયાત્રા કાઢવામાં આવી હતી તે અંગેની પાંચ મિનીટની વીડિયો કલીપ બતાવવામાં આવી હતી.

ત્યારબાદ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા ડૉ. અતુલભાઈ ભટ્ટને વિશિષ્ટ વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કર્યા હતા અને તેમનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો હતો.

ડૉ. અતુલભાઈ ભટ્ટે 'Reach out to Research : Essential Role of Academic Libraries' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. વૈશ્વિકરણક્ષેત્રે વિવિધ દેશોમાં સંશોધન પ્રમાણ કેટલું છે ? અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં કેટલાં ટકા સંશોધન થાય છે ? તે અંગેની માહિતી આંકડાકીય સ્વરૂપમાં તથા આલેખ અને સારણી દ્વારા સમજ આપી હતી. સંશોધનોમાં શૈક્ષણિક ગ્રંથાલયોની ભૂમિકા શું છે ? તેની પ્રભાવાત્મક રજૂઆત કરી હતી. વ્યાખ્યાન પૂરું થતાં ડૉ. ઊર્મિલાબેન રાવત દ્વારા મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ એલ. પટેલે આભાર માની ટેકૂનિકલ સેશન શરૂ કરવાની ઘોષણા કરી હતી.



## ટેક્નિકલ સેશન-૨

તારીખ : ૨૪-૧-૨૦૨૦ને શુક્રવાર        સમય : સવારના ૧૧.૨૦ થી ૧૨.૩૦

વિષય : શૈક્ષણિક ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ

ચેરપર્સન : ડૉ. પ્રિયાંકીબેન વ્યાસ, એસોસિએટ પ્રોફેસર, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

કો-ચેરપર્સન : ડૉ. વૈશાલીબેન ભાવસાર, ગ્રંથપાલ આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ

રેપોર્ટિઅર જનરલ : ડૉ. અશ્વિન ભાવસાર, પૂર્વ પ્રો.આસિસ્ટન્ટ, ગુજરાત યુનિ.ગ્રંથાલય,અમદાવાદ

ટેક્નિકલ સેશનની શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ એલ. પટેલ ટેક્નિકલ સેશનના ચેરપર્સન તરીકે ડૉ. પ્રિયાંકીબેન વ્યાસ અને કો-ચેરપર્સન તરીકે ડૉ. વૈશાલીબેન ભાવસારનો સંક્ષિપ્તમાં પરિચય આપી કાર્યભાર સંભાળી લેવા વિનંતી કરતાં તેઓએ કાર્યવાહી હાથ ધરી હતી.

થીમ ના પેટા વિષય આધારિત આ વિષય ઉપર કુલ છ લેખો આવ્યા હતા. જેમાં ત્રણ અંગ્રેજીમાં અને ત્રણ ગુજરાતીમાં હતા. શેખ સમીર અને ચેતસ ભગત ગેરહાજર હોવાથી પેપર રજૂ થયાં ન હતા.

પેપર રજૂ કરનાર ગ્રંથપાલ મિત્રોમાં ક્રમશ : ડૉ. ચેતન ડી. પરમાર (સહાયક સેવક, ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ) એ 'યુનિવર્સિટી ગ્રંથાલય : ટેક્નિકલ પ્રક્રિયા, કૌશલ્ય અને ક્ષમતાઓ' પર સુશ્રી ડૉ. ઊર્મિલાબેન રાવત (ગ્રંથાલય, ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ) એ 'Professional skills and competency among ths academic librarians : A study' પર સુશ્રી દીપિકાબેન ઠક્કર (ડોક્યુમેન્ટેશન ઓફિસર, એલ. એન્ડ ટી, હાઈડ્રોકાર્બન એન્જિનિયરિંગ, વડોદરા) એ કોલેજ ગ્રંથાલયની ગ્રંથાલય સેવાઓમાં ગ્રંથપાલમાં જ્ઞાન અને કૌશલ્યની ભૂમિકા પર ડૉ. રાકેશભાઈ ડી. પરમાર (મદદનીશ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ) એ 'યુનિવર્સિટી ગ્રંથાલયોમાં ગ્રંથાલય વ્યવસાયિકો માટે કૌશલ્ય અને ક્ષમતાઓ' પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોઈ પ્રશ્ન નહીં આવતાં ડૉ. પ્રિયાંકીબેન વ્યાસ અને ડૉ. વૈશાલીબેન ભાવસાર દ્વારા પોતાના પ્રતિભાવો આપ્યા હતા. અંતમાં શ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા બંને મહાનુભાવોનું સુચારું સંચાલન કરવા બદલ આભાર માન્યો હતો. છેલ્લે ચેરપર્સન ડૉ. પ્રિયાંકીબેન વ્યાસને શ્રી મણિભાઈ પ્રજાપતિ દ્વારા, કો-ચેરપર્સન ડૉ. વૈશાલીબેન ભાવસારને સુશ્રી દીપિકાબેન ઠક્કર દ્વારા, લેખ રજૂ કરનાર ગ્રંથપાલ મિત્રો પૈકી ડૉ. ચેતનભાઈ પરમારનો ડૉ. યોગેશભાઈ પારેખ દ્વારા, સુશ્રી દીપિકાબેન ઠક્કરને સુશ્રી ડૉ. પ્રિયાંકીબેન વ્યાસ દ્વારા, ડૉ. રાકેશભાઈ પરમારને શ્રી નવલસિંહ વાઘેલા દ્વારા અને ડૉ. ઊર્મિલાબેન રાવતને શ્રી મહિપતસિંહ વાઘેલા દ્વારા મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું અને ટેક્નિકલ સેશન-૨ પૂર્ણ થયાની ઘોષણા કરવામાં આવી હતી.

## વિશિષ્ટ વ્યાખ્યાન-૩

તારીખ : ૨૪-૧-૨૦૨૦ને શુક્રવાર　　　　સમય : બપોરના ૧૨.૩૦ થી ૦૧.૦૦

**વક્તા : ડૉ. પ્રયતકર કાનડિયા, અસોસિએટ પ્રોફેસર અને હેડ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ,**

સ્થળ : કવિશ્રી ઉમાશંકર જોષી સભાગૃહ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા ડૉ. પ્રયતકર કે. કાનડિયાનો સંક્ષિપ્તમાં પરિચય આપી વિશિષ્ટ વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરતાં પ્રો. પ્રયતકર કાનડિયાએ 'ગ્રંથપાલ સમાજનો પરોક્ષ શિક્ષક' વિષય ઉપર પોતાના વિચારોને આગવી હળવી શૈલીમાં રમૂજ સાથે રજૂ કરતાં શ્રોતાગણમાં જ્ઞાન સાથે એક આનંદનું મોજું પ્રસરી ગયુ હતું. અંતમાં સંઘના મંત્રીશ્રી પંકજ બાવિશીએ સંઘ વતી તેમનો આભાર માની મોમેન્ટો આપી અભિવાદન કર્યું અને સર્વ પ્રતિનિધિઓને લંચ લેવા માટેની ઘોષણા કરી.

## વિશિષ્ટ વ્યાખ્યાન-૪

તારીખ : ૨૪-૧-૨૦૨૦ને શુક્રવાર　　　　સમય : બપોરના ૨.૩૦ થી ૩.૧૦

**વક્તા : પ્રો. ડૉ. ઊર્મિલાબેન ઠાકર, પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર**

સ્થળ : કવિશ્રી ઉમાશંકર જોષી સભાગૃહ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

મધ્યાન ભોજન લીધા બાદ પ્રતિનિધિઓ સભાગૃહમાં આવતા ગયા તે સમયે સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલે વિશિષ્ટ વ્યાખ્યાન માટે પ્રોફેસર ડૉ. ઊર્મિલાબેન ઠાકરનો સંક્ષિપ્તમાં પરિચય આપતા કહ્યું કે બહેનની વ્યાવસાયિક કારકિર્દી એમ. જે. લાઇબ્રેરીથી શરૂ થઈ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ભવનમાં પ્રોફેસર તરીકે તેઓ નિવૃત્ત થતાં પૂરી થઈ. હાલમાં વિશ્વકોશ ટ્રસ્ટમાં માનદ્ સેવાઓ આપી રહ્યા છે તેમને હું મંચ ઉપર વિશિષ્ટ વ્યાખ્યાન આપવા આમંત્રિત કરું છું. તેમણે થીમ આધારિત વ્યાખ્યાન આપતાં જણાવ્યું કે ગ્રંથપાલો પાસે Contextual Knowledge હોવું જોઈએ. Personal Skills and Competencies અર્થાત્ વ્યવસાયિક કુશળતા અને ક્ષમતા એ કાર્ય સંબંધિત કુશળતા છે. જે વ્યવસાયિકોને તેમના ચોક્કસ કાર્યની પ્રેકટિસ કરવા માટે મદદરૂપ બને છે. જેમાં કોમ્યુનિકેશન અર્થાત્ પ્રત્યાયન, અનુકૂલીન ક્ષમતા, સતત અધ્યયન, જૂથ વ્યવસ્થાપન જેવા મુદ્દાઓ સમાવિષ્ટ થાય છે. Leadership and Management અર્થાત્ નેતૃત્વ અને સંચાલન, Collection and Discovery, Learning and Innovation જેવા મુદ્દાઓ ઉપર ખૂબ જ ઝીણવટપૂર્વક, ચોકસાઈથી ગહન માહિતી પૂરી પાડી અંતમાં તેમણે કહ્યું કે ગ્રંથપાલોએ Learning strategi અર્થાત્ વ્યૂહરચના શીખવાની કળા હોવી જોઈએ. કાર્યશાળાઓ શિબિરો, સેમિનાર, પરિસંવાદો ઇત્યાદિ સતત થવા જોઈએ, જેથી નવું જ્ઞાન સતત મળતું રહે. પ્રત્યેકનું Professional Engagements હોવું જોઈએ તેમ કરી પોતાની વાણીને વિરામ આપ્યો. સંઘના ઉપપ્રમુખશ્રીને આટલું સુંદર વ્યાખ્યાન આપવા બદલ આભાર માની મહેસાણા નજીક આવેલ લીંચ ગામના સાર્વજનિક પુસ્તકાલયના ગ્રંથપાલ મુ.શ્રી. મફાજી ઠાકોર હસ્તે મોમેન્ટો આપી તેમનું અભિવાદન કરવામાં આવ્યું.

## ટેક્નિકલ સેશન-૩

**તારીખ : ૨૪-૧-૨૦૨૦ને શુક્રવાર સમય : બપોરના ૩.૧૦ થી ૪.૧૦**

**વિષય : શૈક્ષણિક ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ**

**ચેરપર્સન : ડૉ. રાકેશ ડી. પરમાર, મદદનીશ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ**

**કો-ચેરપર્સન : ડૉ. ઊર્મિલાબેન પી. રાવત, ગ્રંથપાલ, ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ**

રેપોર્ટિઅર જનરલ : ડૉ. અશ્વિન ભાવસાર, પૂર્વ પ્રો.આસિસ્ટન્ટ, ગુજરાત યુનિ.ગ્રંથાલય,અમદાવાદ

ટેક્નિકલ સેશનની શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલ ટેક્નિકલ સેશનના ચેરપર્સન તરીકે ડૉ. રાકેશ ડી. પરમારને તથા કો-ચેરપર્સન તરીકે ડૉ. ઊર્મિલાબેન રાવતનો સંક્ષિપ્તમાં પરિચય આપી કાર્યભાર સંભાળી લેવા આમંત્રિત કરતાં તેઓએ સ્ટેજ પર આવી કાર્યવાહી હાથ ધરી હતી.

પેપર રજૂ કરનાર ગ્રંથપાલ મિત્રોમાં ક્રમશઃ ડૉ. કૈલાશ ટંડેલ (કાર્યકારી યુનિવર્સિટી ગ્રંથપાલ, નવસારી એગ્રિકલચરલ યુનિવર્સિટી, નવસારી) એ "Contouring Quality in-Navsari Agricultural University Library" પર સુશ્રી દીપ્તિબેન પટેલ (ગ્રંથપાલ, પટેલ રા.ના બાળવોત (મોરારજી), શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝા)એ 'શાળા ગ્રંથપાલ : કૌશલ્ય અને ક્ષમતાઓ' પર તથા ડૉ. યોગેશ આર. પારેખ (કાર્યકારી ગ્રંથપાલ, ગુજરાત યુનવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ) એ 'ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં વ્યવસાયિક કૌશલ્ય, ક્ષમતાઓ અને વિકાસકાર્ય' પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ચેરપર્સન દ્વારા મંચ પ્રશ્નોત્તરી માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો પરંતુ કોઈ પ્રશ્ન રજૂ નહીં થતા ચેરપર્સન ડૉ. રાકેશભાઈ પરમાર તથા કો-ચેરપર્સન ડૉ. ઊર્મિલાબેન રાવત દ્વારા લેખકોને અભિનંદનથી નવાજી પોતાના પ્રતિભાવો આપ્યા હતા. અંતમાં સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ પટેલ દ્વારા આ બંને મહાનુભાવોનું સુચારું સંચાલન કરવા બદલ આભાર માન્યો હતો. છેલ્લે ચેરપર્સન ડૉ. રાકેશ પરમારને સુશ્રી ડૉ. વૈદેહીબેન પંડ્યા દ્વારા, કો-ચેરપર્સન ડૉ. રાકેશ પરમારને સુશ્રી ડૉ. નીતાબેન રાવલ દ્વારા, પેપર રજૂ કરનાર લેખકો પૈકી ડૉ. કૈલાશ ટંડેલને શ્રી રમેશભાઈ રાઠોડ દ્વારા, સુશ્રી દિપ્તીબેન પટેલને શ્રી કિરીટભાઈ ગંધકવાલા દ્વારા તથા ડૉ. યોગેશ પારેખને સુશ્રી ડૉ. ઊર્મિલાબેન ઠાકર દ્વારા મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પંદર મિનીટનો ચા-વિરામની જાહેરાત કરી અને પુનઃ સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી હતી.

---

**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના દરેક સભ્યશ્રીને જાણ કરવામા આવે છે કે કોરોના મહામારીને કારણે આપણા સંઘના મુખપત્ર'ગ્રંથાલોક'નો માહે જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૦નો અંક લોકડાઉન હોવાથી મોડો પ્રકાશિત કરી રહ્યા છીએ તે આપશ્રીની જાણ માટે વિદીત થાય.**

**કોરોના મહામારીના સંક્રમણને કારણે જાણીતા કે અજાણ વ્યક્તિઓના અવસાન થયેલ છે અને ભારત-ચીન બૉડર પર થયેલી અથડામણના કારણે આપણા આશરે ૨૦ જવાનો શહિદ થયા છે. આ સર્વને ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.**

## ટેક્નિકલ સેશન-૪

તારીખ : ૨૪-૧-૨૦૨૦ને શુક્રવાર       સમય : સાંજના ૪.૩૦ થી ૫.૩૦

વિષય : (૧) શૈક્ષણિક ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ (બે લેખ)

(૨) સાર્વજનિક ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ (બે લેખ)

(૩) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસ (એક લેખ)

ચેરપર્સન : ડૉ. રાજેશભાઈ ગામિત, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિ. અમદાવાદ

કો-ચેરપર્સન : ડૉ. ઈન્દિરાબેન ડોડિયા, મદદનીશ ગ્રંથપાલ
કે. એસ. સ્કુલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, ગુ. યુનિ. અમદાવાદ

રેપોર્ટિઅર જનરલ : ડૉ. અશ્વિન ભાવસાર, પૂર્વ પ્રો.આસિસ્ટન્ટ, ગુજરાત યુનિ.ગ્રંથલાય,અમદાવાદ

ટેક્નિકલ સેશનની શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખે ટેક્નિકલ સેશનના ચેરપર્સન તરીકે ડૉ. રાજેશભાઈ ગામિત અને કો-ચેરપર્સન તરીકે સુશ્રી ડૉ. ઈન્દિરાબેન ડોડિયાનો સંક્ષિપ્તમાં પરિચય આપી ટેક્નિકલ સેશનનો કાર્યભાર સંભાળી લેવા આમંત્રિત કરતાં તેઓએ સ્ટેજ પર આવી કાર્યવાહી હાથ ધરી હતી.

પેપર રજૂ કરનાર ગ્રંથપાલ મિત્રોમાં ક્રમશ : સુશ્રી પુજા પટેલ (રીસર્ચ સ્કોલર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) પર 'ICT Competency of Library and Information Science Professionals working in Academic Libraries of Ahmedebad' પર, સુશ્રી કિંતી બોલે (વિદ્યાર્થિની, એમ.એલ.આઈ.એસસી. ૪થું સેમેસ્ટર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ 'Skills and Competencies of LIPs : Desired as per CILIP Job Announcements' પર, સુશ્રી હીના બારોટ (રીસર્ચ સ્કોલર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ 'Competencies and Management Skills of Professionals of Public Libraries in the Digital Environment' પર, સુશ્રી નમિતા જી. પટેલ (સંશોધનકર્તા, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ '૨૧મી સદીમાં સાર્વજનિક પુસ્તકાલયના વ્યવસાયિકો માટે આવશ્યક ટેક્નોલોજિકલ કૌશલ્યો' પર તથા સુશ્રી ડૉ. વૈદેહી સી. પંડ્યા (ગ્રંથપાલ, લૉ કોલેજ, હિંમતનગર) એ 'Skills for 21st Century Library and Information Science professionals and role of Library and Information science education' પર પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. ચેરપર્સન દ્વારા મંચ પ્રશ્નોત્તરી માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પરંતુ કોઈ પ્રશ્ન રજૂ નહીં થતા ચેરપર્સન ડૉ. રાજેશભાઈ ગામિત દ્વારા લેખકોને અભિનંદન પાઠવી પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ત્યારબાદ સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા આ બંને મહાનુભાવોનું સુવ્યવસ્થિત સંચાલન કરવા બદલ આભાર માન્યો હતો. અંતમાં ચેરપર્સન ડૉ. રાજેશભાઈ ગામિતને ડૉ. પ્રજ્ઞેશ પારેખ દ્વારા, કો-ચેરપર્સન ડૉ. ઈન્દિરાબેન ડોડિયાને ડૉ. કૈલાશ ટંડેલ દ્વારા, લેખ રજૂ કરનાર લેખકો પૈકી સુશ્રી પૂજા પટેલને શ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા, સુશ્રી કિંતી બોલેને ડૉ. રાજેશભાઈ ગામિત દ્વારા, સુશ્રી હીના બારોટને ડૉ. અશ્વિન ભાવસાર દ્વારા, સુશ્રી નમિતાબેન પટેલને સુશ્રી ભારતીબેન સોલંકી દ્વારા તથા ડૉ. વૈદેહીબેન પંડ્યાને ડૉ. ચેતન પરમાર દ્વારા મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

## ટેક્નિકલ સેશન-૫

**તારીખ : ૨૪-૧-૨૦૨૦ને શુક્રવાર** **સમય : સાંજના ૫.૩૦ થી ૬.૦૦**

**વિષય : (૧) શૈક્ષણિક ગ્રંથાલયો : કૌશલ્ય અને ક્ષમતાઓ (એક લેખ)**

**(૨) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસ (બે લેખ)**

**ચેરપર્સન: ડૉ. વૈદેહીબેન ચંદ્રકાંત પંડ્યા, ગ્રંથપાલ લૉ કોલેજ, હિંમતનગર**

**કો-ચેરપર્સન : શ્રી પજ્ઞેશ પારેખ, મદદનીશ ગ્રંથપાલ, રક્ષા શક્તિ યુનિવર્સિટી, ગાંધીનગર**

**રેપોર્ટિઅર જનરલ :** ડૉ. અશ્વિન ભાવસાર, પુર્વ પ્રો.આસિસ્ટન્ટ, ગુજરાત યુનિ.ગ્રંથાલય,અમદાવાદ

ટેક્નિકલ સેશનની શરૂઆતમાં સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ પટેલે ટેક્નિકલ સેશનના ચેરપર્સન તરીકે ડૉ. વૈદેહીબેન પંડ્યા અને કો-ચેરપર્સન તરીકે શ્રી પજ્ઞેશ પારેખનો સંક્ષિપ્તમાં પરિચય આપી સ્થાન ગ્રહણ કરી ટેક્નિકલ સેશનનો કાર્યભાર સંભાળી લેવા આમંત્રિત કરતાં તેઓએ પોતાનું સ્થાન ગ્રહણ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પેપર રજૂ કરનાર ગ્રંથાલય વ્યવસાયિક મિત્રોમાં ક્રમશઃ સુજ્ઞશ્રી ડૉ. નીતાબેન પ્રકાશચંદ્ર રાવલ (ગ્રંથપાલ, બી.આર.એસ. કોલેજ (કું.એ.બી. ગાર્ડી ગ્રામ વિદ્યા મહાવિદ્યાલય, શારદાગ્રામ, માંગરોળ, જિ. જૂનાગઢ) એ 'શૈક્ષણિક ગ્રંથાલયો : ૨૧મી સદીના ગ્રંથાલય વ્યવસાયિકો માટે વહીવટી તેમજ સંચાલકીય કૌશલ્ય અને ક્ષમતાઓ' પર સુજ્ઞશ્રી હીના એન. ઠાકર (વિદ્યાર્થિની, એમ.એલ.આઈ.એસસી, ૪થું સેમેસ્ટર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી) એ 'ગ્રંથાલય વિજ્ઞાન અભ્યાસક્રમ દ્વારા પ્રાપ્ત થતા કૌશલ્ય : એક અભ્યાસ' પર તથા શ્રી કેતન સોલંકી, શ્રી રણછોડ ખાંભલા અને નિર્મિત કંસારા (ત્રણેય વિદ્યાર્થી, એમ.એલ.આઈ.એસસી. ૪થું સેમેસ્ટર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) એ સંયુક્ત પેપર 'ક્વોલિફાઈંગ યુજીસી-નેટ : ગ્રંથાલય વ્યવસાયિકોની સજ્જતા' પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ચેરપર્સન દ્વારા મંચ પ્રશ્નોત્તરી માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પરંતુ કોઈ પ્રશ્ન રજૂ નહીં થતાં ચેરપર્સન ડૉ. વૈદેહી પંડ્યા તથા કો-ચેરપર્સન શ્રી પ્રજ્ઞેશ પારેખ દ્વારા લેખ લખનાર મિત્રોને અભિનંદન પાઠવી પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ત્યારબાદ સંઘના ઉપપ્રમુખ દ્વારા આ બંને ગ્રંથપાલ મિત્રોનું સુચારું સંચાલન કરવા બદલ સંઘવતી આભાર માન્યો હતો. અંતમાં ચેરપર્સન ડૉ. વૈદેહીબેન પંડ્યાનું શ્રી બાબુભાઈ પટેલ દ્વારા કો-ચેરપર્સન શ્રી પજ્ઞેશ પારેખનું ડૉ. રંજનબેન પરમાર (ગુજરાત વિદ્યાપીઠ) દ્વારા, લેખ રજૂ કરનાર લેખકો પૈકી સુજ્ઞશ્રી ડૉ. નીતાબેન રાવલનું શ્રી શાંતિભાઈ ઠક્કર (કુણઘેર) દ્વારા કુ. હીનાબેન ઠાકરનું શ્રી હિમાંશુભાઈ પાંધી (જામનગર) દ્વારા તથા શ્રી કેતન, શ્રી રણછોડ તથા શ્રી નિર્મિતને સંયુક્ત મોમેન્ટો આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## વિશિષ્ટ વ્યાખ્યાન-૫

**તારીખ :** ૨૫-૧-૨૦૨૦ને શનિવાર **સમય :** સવારના ૧૧.૦૦ થી ૧૧.૪૦

**વકતા :** ડૉ. ગીતાબેન જી. ગઢવી, કો-ઓર્ડિનેટર ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**સ્થળ :** કવિશ્રી ઉમાશંકર જોષી સભાગૃહ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની સામાન્ય સભા બાદ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા ડૉ. ગીતાબેન ગઢવીને વિશિષ્ટ વ્યાખ્યાન માટે આમંત્રિત કર્યા હતા અને તેમનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો હતો.

ડૉ. ગીતાબેન ગઢવીએ 'SDGs and LIS education' ઉપરની ચર્ચા કરતાં કહ્યું કે મારો લેખ શિક્ષણ પદ્ધતિના વર્તમાન પ્રવાહોની માહિતી આધારિત છે. શિક્ષણ ૪.૦ના માપદંડનો વિકાસ ઇકોસિસ્ટમ દ્વારા થવો જોઈએ. LIS શિક્ષણ માટે પણ આ જરૂરી છે અને તેથી ગુજરાત યુનવર્સિટી સંચાલિત ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસક્રમ અને આધારિત તૈયાર કરવામાં આવ્યો છે. તેમણે શિક્ષણ ૪.૦ શું છે ? તની વિશદ ચર્ચા કરતાં કહ્યું કે શિક્ષણ ગમે ત્યાં, ગમે તે સમયે ડીલવર કરી શકાય છે. તે મોડ્યુલર અને પ્રોજેક્ટ આધારિત હોવો જોઈએ. તેમાં વિદ્યાર્થીઓની માલિકી (Student Ownership) હોવી જોઈએ તેનું પરીક્ષણ નહીં પરંતુ મૂલ્યાંકન થવું જોઈએ. આની સાથોસાથ પ્રાચીન શિક્ષણ પ્રણાલીની પણ કેટલીક વાતો કરી કેટલાંક પરિણાત્મક ચિત્રો અને આકૃતિઓ દ્વારા સમજ આપી શ્રોતાગણને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. વધુમાં કહ્યું કે કયું કૌશલ્ય જરૂરી છે ? ૨૧મી સદીમાં શિક્ષણ ૪.૦ દ્વારા તેને કેવી રીતે વિકસાવી શકાય તે માટે પ્રત્યાયનની, સહયોગની, Critical thinking અને સર્જનાત્મકતા જરૂરી છે. ભવિષ્યની પેઢી માટે શિખવાની વૃત્તિ એ ખૂબ જ અગત્યની બાબત છે. શૈક્ષણિક ગ્રંથપાલોએ નવા પડકારોનો સામનો કરવા સુસજ્જ થવું પડશે. આ માટે Roisin Gwyer એ દશ કૌશલ્ય ઓળખી બતાવ્યા છે. જેમાં મુખ્યત્વે પરિવર્તનશીલ સંચાલન, સર્જનાત્મકતા અને નવીનીકરણ, ડિજિટલ વિશ્વમાં સહાયક સંશોધન, ડિજિટલ સાક્ષરતા, માર્કેટિંગ, ડિજિટલ માહિતી સંચાલન અને સહયોગ અત્યંત જરૂરી છે. સમાપન કરતાં કહ્યું કે LIS શિક્ષણ કાર્યક્રમની પુનઃસંરચના જરૂરી છે. તે વિશે વિગતે ચર્ચા કરતાં ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અભ્યાસક્રમની વિગતો આપી આભાર વ્યક્ત કરતાં પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

## નમ્ર વિનંતી સાથે અપીલ

ગ્રંથાલય ક્ષેત્રમા કામ કરતા સર્વે કર્મયોગી મિત્રોને વિનંતી સાથે અપીલ કરવામા આવે છે કે ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની પ્રવૃતિથી આપ સર્વ માહિતગાર છો. હાલમા સંઘનુ આજીવન સભ્યપદ લેવાની ફી રૂપિયા ૧૫૦૦ છે. અત્યારે સર્વે ગ્રંથપાલ મિત્રોના પગાર પ્રમાણમા સારા કહી શકાય તેવા છે.ફક્ત એકજ વાર રૂપિયા ૧૫૦૦ ભરીને આપનુ આજીવન સભ્યપદ મેળવી લેશો. આગામી સમયમા મોઘવારીને કારણે આજીવન સભ્યપદની ફી મા વધારો થઈ શકે તેવી શકયતા છે. દર વર્ષે લેવામા આવતું વાર્ષિક સભ્યપદની પ્રથા બંધ થવાની શકયતા છે. તેજી ને ટકોરો હોય માટે આ બાબતે વધારે લખવાની જરૂર જણાતી નથી. આજીવન સભાસદોને તેમના ફોટાવાળુ ઓળખપત્ર આપવાની યોજના વિચારેલ છે.

## વિશિષ્ટ વ્યાખ્યાન-૬

**તારીખ :** ૨૫-૧-૨૦૨૦ને શનિવાર **સમય :** સવારના ૧૧.૪૫ થી ૧૨.૩૦

**વક્તા :** શ્રી રોહિતભાઈ પટેલ, સીમ કોર્પોરેશન, આશ્રમ રોડ, અમદાવાદ

**સ્થળ :** કવિશ્રી ઉમાશંકર જોષી સભાગૃહ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કો-ઓર્ડિનેટર શ્રીમતી ડૉ. ગીતાબેન ગઢવીએ શ્રી રોહિતભાઈ પટેલનો પરિચય આપતાં કહ્યું કે શ્રી રોહિતભાઈ પટેલે અમદાવાદમાં અને ૧૯૭૧માં સીમકોમ કોર્પોરેશનની સ્થાપના કરી પ્રથમવાર વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ શીખવવાનું શરૂ કર્યું હતું. સાથોસાથ કમ્પ્યુટરના અભ્યાસક્રમો પણ શીખવવાના શરૂ કર્યા હતા. હું એ સંસ્થાની વિદ્યાર્થિની રહી ચૂકી છું. તેમને હું ખૂબ જ નજીકથી ઓળખું છું. આમ સંક્ષિપ્તમાં પરિચય આપ્યા બાદ શ્રી રોહિતભાઈને વિશિષ્ટ વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કર્યા હતા.

શ્રી રોહિતભાઈએ "Creative Skill Attitude and Dynamic Personality" પર પોતાનું વ્યાખ્યાન આપતા કહ્યું કે વ્યક્તિ ઉમદા ગુણથી ઓળખાય છે. વ્યક્તિ અર્થાત્ PERSON તેની છણાવટ કરતાં જણાવ્યું કે Polite - વિનમ્ર, Efficient - કાર્યદક્ષ, Racy - ઉત્સાહી, Smart look - આકર્ષક દેખાવ, Orator - સારો વક્તા અને Noble - ખાનદાન. વ્યક્તિએ હંમેશા હકારાત્મક વલણ રાખવું જોઈએ. હકારાત્મક બાબત વ્યક્તિની દૃષ્ટિ પર આધારિત છે. અર્થાત્ પાણી ભરેલા અડધા ગ્લાસનો દાખલો આપી સમજાવ્યું. વ્યક્તિ લઘુતાગ્રંથિમાંથી મુક્ત કેવી રીતે બની શકે તેની વિશદ્ ચર્ચા કરી. OPTIMIST - આશાવાદી બનો. આનું વિશ્લેષણ કરતાં કહ્યું કે Overcome fear - ભયમાંથી મુક્ત, Positive attitude - હકારાત્મક વલણ, Trust your abilities - શક્તિઓમાં વિશ્વાસ, Interest inwork - કામમાં રસ, Mind Control - મગજને કાબૂમાં રાખો, Imagine success - સફળતાના વિચારો, Skill Develepment - આવડતનો વિકાસ અને Thrive - સમૃદ્ધ થાવ. આમ તેમણે આપણી થીમ આધારિત કૌશલ્ય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વ્યક્તિના વલણ વિશે સ્પષ્ટતા કરતાં કહ્યું કે ATTITUDE - અર્થાત્ વલણ, A = Apply Mind, T = Time Utilize, T = Target, I = Image, T = Technology, U = Use of resources, D = Duty, E = Efficient અર્થાત્ કાર્યદક્ષ બનો. વધુમાં તેમણે એમ પણ કહ્યું કે નકારાત્મક ટેવો એ સારા વ્યક્તિત્વના દુશ્મનો છે. સમાજમાં ઘણી વ્યક્તિઓ એવી છે કે તેમનામાં નિર્ણય શક્તિનો અભાવ હોય છે (Not able to take decision), આળસુ હોય છે, ઉતાવળો સ્વભાવ, ક્રોધ, અતિભાવુકતા, નિરાશાવાદી વલણ, ચોખ્ખાઈનો અભાવ. આ બધી ખરાબ ટેવો પર તમે વિજય મેળવો અને તમારા વ્યક્તિત્વને ખૂબ જ સુંદર બનાવો તેવી શુભેચ્છા પાઠવી સમયનો અભાવ હોવાથી પોતાની વાણીને વિરામ આપ્યો.

વ્યાખ્યાન દરમ્યાન શ્રોતાગણમાંથી કેટલાંક પ્રશ્નો આવ્યા હતા. પરંતુ રોહિતભાઈના સંતોષકારક જવાબોથી અને દૃશ્ય-શ્રાવ્ય રજૂઆતની શૈલીથી શ્રોતાગણ મંત્રમુગ્ધ અને ભાવુક બની ગયો હતો. સમયની પાબંધીનો અફસોસ વ્યક્ત કરતા હોય તેવી નારાજગી દેખાઈ આવતી હતી.

અંતમાં સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ પટેલે તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ આમંત્રણને માન આપી પોતે સ્વજનની લાગણી સભર પોતીકા ગણી પધાર્યા તે માટે શ્રી રોહિતભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર માની ગાડી સુધી મુકવા ગયા હતા. ત્યારબાદ સમાપન વિધિનો કાર્યક્રમ શરૂ થયો હતો.

## સમાપન બેઠક

**તારીખ : ૨૫-૧-૨૦૨૦ને શનિવાર** **સમય : સવારે ૧૨.૩૦ થી ૧.૩૦**

**સ્થળ :** કવિશ્રી ઉમાશંકર જોષી સભાગૃહ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

વિશિષ્ટ વ્યાખ્યાન પૂરું થયા બાદ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ૧૬ટા રાષ્ટ્રીય અને ૩૬મા ગ્રંથાલય પરિસંવાદની સમાપન બેઠક મળી હતી. ડાયસ ઉપર સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ પટેલ, મંત્રીશ્રી પંકજ બાવિશી, ખજાનચીશ્રી કિરીટ ગંધકવાલા, કોન્ફરન્સ ડાયરેક્ટર અને કાર્યકારી યુનિવર્સિટી ગ્રંથપાલ ડો. યોગેશ પારેખ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કો-ઓર્ડિનેટર શ્રીમતી ડૉ. ગીતાબેન ગઢવી તથા ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના પૂર્વ ગ્રંથપાલ શ્રી નવલસિંહ કે. વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન બેઠકની રજૂઆત પ્રાર્થનાથી થઈ. બેઠકનું સંચાલન કરતાં મંત્રીશ્રી પંકજ બાવિશીએ કહ્યું કે બે દિવસોની વ્યવસાયિક ચર્ચા વિચારણ કરી ત્રીજા દિવસે આપણે અહીં એકત્રિત થયા છીએ. પરિસંવાદના થોડા દિવસ પહેલાં અમો ખૂબ જ ચિંતીત હતા. પરંતુ ડૉ. યોગેશભાઈ પારેખના અથાગ પ્રશ્નોથી ટૂંકાગાળામાં પણ પરિસંવાદ ઘણો જ ફળદાયી બની રહ્યો તેનો ખૂબ જ આનંદ છે. સમય ખૂબ જ ઝડપથી વહી રહ્યો છે. હજુ ઘણી બધી કાર્યવાહી કરવાની બાકી છે. તેથી હું શ્રેષ્ઠ ઈનામ પાત્ર લેખોની જાહેરાત કરવા સારું શ્રી નવલસિંહ વાઘેલાને આમંત્રિત કરું છું.

શ્રી નવલસિંહ વાઘેલાએ કહ્યું કે 'બુક ઓફ પેપર્સ'માં છાપેલા લેખોમાંથી શ્રેષ્ઠ ઈનામપાત્ર લેખો પસંદ કરવાની કામગીરી ખૂબ જ કપરી રહી છે. જ્યારે પેપર્સ મળે છે ત્યારે લેખ સિવાય લેખક અંગેની વિગતો હોતી નથી. લેખના લેખક વિશે તદ્દન અજાણતાની સાથે સંઘ દ્વારા પસંદગી માટેનાં જે માપદંડો રાખવામાં આવ્યા છે તેની મર્યાદામાં રહીને જે શ્રેષ્ઠ પેપરનું ઈનામ આપવામાં આવે છે. આ માપ દંડો સંઘના પરિપત્રમાં અગાઉથી જાહેર કરવામાં આવે છે. આ વખતે કુલ ૨૪ લેખો મળ્યા હતા. મેં તેનો ખૂબ જ ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો છે. તેને આધારે મને લાગ્યું છે કે લેખ લખનારે કદાચ ફરીવાર પોતાનો લેખ જોવાની કાળજી લીધી નથી. પેપરો લેખતી વખતે ભાષાકીય ભૂલો, વાક્યરચના, લેખનશૈલી, વિષયની જાણકારી અને કૌશલ્ય જાળવવા વિષય વસ્તુને બરાબર સમજીને પેપર લખાય તે અત્યંત જરૂરી છે.

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પરિસંવાદમાં ચારેય કેટેગરીના લેખકોને પ્રોત્સાહન આપવા માટે બેસ્ટ પેપર એવોર્ડ આપવામાં આવે છે તે પરંપરા અમદાવાદ ખાતે પણ ચાલુ રાખવામાં આવી છે. મેં તમામ લેખો જોયા છે. પરંતુ અંતિમ નિર્ણય ઉપપ્રમુખની સાથે બેસી ચર્ચા-વિચારણાને અંતે કરવામાં આવ્યો છે. કુલ ૨૪ પેપરો આવ્યા તે પૈકી ૨૧ પેપરો અત્રે રજૂ થયા હતા. (૧) નિવૃત્ત ગ્રંથપાલ અને શિક્ષકોની કેટેગરીમાં એક પેપર રજૂ થયું છે. જે મારું પોતાનું છે. પરંતુ ઈનામ સ્વીકારવા હું સંમત થતો નથી તેને બદલે વિદ્યાર્થીની કેટેગરીમાં પ્રોત્સાહ ઈનામ ફાળવવામાં આવે તેમ હું જાહેર કરું છું. (૨) ૪૦ વર્ષથી ઉપરની વયના ગ્રંથપાલોની શ્રેણીમાં કુલ ૧૦ પેપરો આવ્યા હતા તેમાંથી ૯ પેપરો અત્રે રજૂ થયા હતા. તે પૈકી બેસ્ટ પેપર તરીકેનું ઈનામ ડૉ. વૈદેહી ચંદ્રકાંત પંડ્યાને તેમના લેખ "Skills for 21st century

Library and Information Science Professionals and role of LIS education" માટે જાય છે. (૩) ૪૦ વર્ષથી નીચેની વયના ગ્રંથપાલોની શ્રેણીમાં કુલ ૯ પેપરો આવ્યા હતા. તેમાંથી ૭ પેપરો અત્રે રજૂ થયા હતા. તે પૈકી બેસ્ટ પેપર તરીકેનું ઈનામ સુશ્રી હિના વાય. બારોટને તેમના લેખ "Competencies and Managment Skills of Professionals of Public Libraries in ths Digital Environment માટે જાય છે. (૪) વિદ્યાર્થીઓની કેટેગરીમાં કુલ ૪ પેપરો આવ્યા હતા અને આ ૪ પેપરો અત્રે રજૂ થયા હતા. તે પૈકી બેસ્ટ પેપર તરીકેનું ઈનામ સુશ્રી કલ્પનાબેન ગઢવીને તેમના લેખ ''સફળ ગ્રંથાલય વ્યવસાયિકોની દષ્ટિએ ગ્રંથાલય કાર્યક્ષેત્રે જરૂરી કૌશલ્યો'' માટે જાય છે. જ્યારે પ્રોત્સાહન ઈનામ કુ. કિંતી બોલેને તેમના લેખ "Skills and Competencies of LIPs : Desired as per CILIP Job Announcements" માટે જાય છે. ઈનામપાત્ર લેખોના લેખકોને મંત્રસ્થ મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ કોન્ફરન્સ ડાયરેક્ટર અને કાર્યકારી ગ્રંથપાલશ્રી ડૉ. યોગેશ પારેખએ કહ્યું કે મારે અમુક મહાનુભાવોનું લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપીને સન્માનીત કરવા છે. આ એવા મહાનુભાવો છે કે જેમણે આપણા વ્યવસાયને દિપાવ્યો છે. એમનું જીવંત પર્યંત આ વ્યવસાયક્ષેત્રે ખૂબ જ મોટું યોગદાન રહ્યું છે. એટલું જ નહીં આપણા વ્યવસાયિક મિત્રોની કારકિર્દી ઘડવામાં પણ એમનો અન્યોન્ય ફાળો રહ્યો છે. નિવૃત્તી કાળમાં પણ પ્રવૃત્ત રહીને તન, મન, ધનથી દીર્ઘકાલિન સેવાઓ આપી રહ્યા છે. આપણા બધાને માટે તેઓ પ્રેરણાસ્ત્રોત છે. તેથી આ તક જે પ્રાપ્ત થઈ છે તેને જતી કરવા ઈચ્છતો નથી. આ પ્રસંગ યાદગાર બની રહે અને ઋણ મુક્ત થયાની લાગણી સહ નીચેના મહાનુભાવોનું લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યા હતા. (૧) શ્રી રમણલાલ એલ. પટેલ (પૂર્વ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ) (૨) શ્રી નવલસિંહ કે. વાઘેલા (પૂર્વ અધ્યક્ષ અને ગ્રંથપાલ, ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ) (૩) શ્રી મહિપતસિંહ ડી. વાઘેલા (પૂર્વ મદદનીશ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ) (૪) શ્રી મણિભાઈ કે. પ્રજાપતિ (પૂર્વ ગ્રંથાલય અને અધ્યક્ષ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, પાટણ) (૫) પ્રો. ડૉ. ઊર્મિલાબેન ઠાકર (પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ભવન, એસ.પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (૬) શ્રી પંકજભાઈ એમ. બાવિશી (પૂર્વ ગ્રંથપાલ, નવરંગ હાઈસ્કુલ ગ્રંથાલય) (૭) શ્રી કિરીટભાઈ બી. ગંધકવાલા (પૂર્વ ગ્રંથપાલ, અસારવા વિદ્યામંદિર ગ્રંથાલય) (૮) શ્રી હિમાંશુભાઈ પાંધી (ગ્રંથપાલ, નંદવિદ્યા નિકેતન, જામગનર) સમાપન બેઠકના અંતે સંઘના ખજાનચી શ્રી કિરીટભાઈ ગંધકવાલાએ આભારવિધિ કરતાં કહ્યું હતું કે –

- પરિસંવાદમાં આર્થિક સહયોગ આપનાર રાજા રામમોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશન, કોલકતા અને ગ્રંથાલય નિયામકશ્રી, ગ્રંથાલય ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરનો આભાર.
- ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના કાર્યકારી ગ્રંથપાલ ડૉ. યોગેશ પારેખ તથા ગ્રંથાલયના કર્મચારી ગણનો, પરિસંવાદને સફળ બનાવવામાં સહયોગ આપવા બદલ આભાર.

- ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. ગીતાબેન ગઢવી અને તેમના વિભાગના સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોનો પરિસંવાદને સફળ બનાવવામાં સહયોગ આપવા બદલ આભાર.
- વિશિષ્ટ વ્યાખ્યાનો માટે સમય કાઢીને અગવડ-સગવડ ભોગવીને આવનાર સર્વ તજજ્ઞશ્રીઓનો આભાર.
- ટેક્નિકલ સેશનનો કાર્યભાર સંભાળનાર સર્વ ચેર-પર્સન અને કો-ચેરપર્સનનો આભાર.
- જનરલ રેપોર્ટિઅર ડૉ. અશ્વિન ભાવસાર કે જેમણે સભાગૃહમાં નીચે બેસીને કાર્યભાર સંભાળવા બદલ આભાર.
- પરિસંવાદમાં હાજર રહેલ પ્રતિનિધિઓના પ્રમાણપત્રો તૈયાર કરવા અને કીટ ભરવાની કામગીરી કરવા બદલ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો આભાર.
- સેનેટ હોલ, વાણિજ્ય ભવનનો હોલ અને ભાષા-સાહિત્ય ભવનનો હોલ પરિસંવાદના ઉપયોગ માટે આપવા બદલ સત્તાધિશોનો આભાર.
- પરિસંવાદમાં ચા-નાસ્તો જમવાની સુંદર વ્યવસ્થા કરી આપવા બદલ **મહાકાળી** કેટરર્સ તથા તેમની ટીમના સર્વનો આભાર.
- છેલ્લે પરિસંવાદની સફળતા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરનાર નામી-અનામી તમામ મિત્રોનો આભાર.
- પરિસંવાદમાં ફોટો પાડનાર ફોટોગ્રાફર શ્રી પ્રશાંત ધોળકિયા અને મોમેન્ટો તૈયાર કરનાર શ્રી પી.બી. રાવલનો આભાર.
- જીએસસી બેન્કના ગેસ્ટ હાઉસમાં ઉતારાની સુંદર વ્યવસ્થા કરી આપવા બદલ તેના મેનેજર શ્રી યશપાલ પટેલનો આભાર.
- જીએસસી બેન્કના ગેસ્ટ હાઉસમાં ઉતારાની સુંદર વ્યવસ્થા કરી આપવા બદલ તેના મેનેજર શ્રી યશપાલ પટેલનો આભાર.

આભારવિધિ બાદ પરિસંવાદ પૂર્ણ થયો છે તેવી ઘોષણા કરવામાં આવી હતી. ઉપસ્થિત પ્રતિનિધિઓએ પોત-પોતાના પ્રમાણપત્રો મેળવી સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ લઈ પરિસંવાદની સફળતા બદલ આયોજકોને ધન્યવાદ પાઠવી મીઠા સંસ્મરણોનું ભથ્થું લઈ, ભાવ વિભોર થઈ છૂટા પડ્યો હતા.

**અહેવાલ લેખન ડૉ. અશ્વિન ભાવસાર**

**સંવર્ધન અને પુન : લેખન : શ્રી રમણલાલ એલ. પટેલ**



ગુજ. વિદ્યાપીઠના નિવૃત ગ્રંથપાલ નવલસિંહ વાઘેલાને બેસ્ટ પેપર માટે ઈનામ આપી રહેલા ગુજ.યુનિ.ના સુશ્રી ગીતાબહેન ગઢવી



૪૦ વર્ષથી ઉપરની વયના પેપર લેખનમા બેસ્ટ પેપર માટે સુશ્રી ડો. વૈદેહી પંડ્યાને ઈનામ આપી રહેલા પંકજભાઈ બાવિશી



૪૦ વર્ષથી નીચેની વયના પેપર લેખનમા બેસ્ટ પેપર માટે સુશ્રી હિનાબહેન બારોટને ઈનામ આપી રહેલા રમણલાલ પટેલ



વિદ્યાર્થિઓની કેટેગરીમા બેસ્ટ પેપર માટે સુશ્રી કલ્પનાબહેન ગઢવી ને ઈનામ આપી રહેલા કિરીટભાઈ ગંધકવાલા









ત્રિદિવસીય ગ્રંથાલય પરિસંવાદની અલગ-અલગ બેઠકમા હાજર રહેલા ગ્રંથાલય ક્ષેત્રના મહાનુભાવોમા ગુજ.યુનિ.ના પદાધિકારીઓ, ગ્રંથાલય ખાતાના પૂર્વ અને હાલના કાર્યરત અધિકારીશ્રીઓ, નિવૃત ગ્રંથપાલશ્રીઓ, હાલના કાર્યરત ગ્રંથપાલશ્રીઓ ગ્રંથાલય વિજ્ઞાનનો અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ સાથે ગુજરાત ગ્રંથાલય સંઘના હોદ્દેદારો રસ પૂર્વક તજજ્ઞોના મનનીય વ્યાખ્યાન એકચિત્તે સાંભળી રહ્યા છે.



## સંઘની સામાન્ય સભા

તારીખ : ૨૫-૧-૨૦૨૦ને શનિવાર સમય : સવારના ૧૦.૦૦ થી ૧૧.૦૦

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના સર્વ સભ્યોને જાણ કર્યા પ્રમાણે સંઘ દ્વારા યોજાયેલ ૩૬મા ગ્રંથાલય પરિસંવાદના સ્થળે અર્થાત્ કવિશ્રી ઉમાશંકર જોષી સભાગૃહ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમા સંઘના ઉપપ્રમુખ શ્રી રમણલાલ એલ. પટેલના પ્રમુખસ્થાને સંઘની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી.

સામાન્ય સભાની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખ શ્રી કિરીટભાઈ ભાવસાર, શ્રી અરવિંદભાઈ પાઠક, શ્રી પી.ટી. પટેલ તથા અન્ય ગ્રંથપાલશ્રીઓને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

બાબત ૧ : તા. ૦૬-૦૧-૨૦૧૯ને રવિવારના રોજ તિથલ મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યવાહી નોંધ સર્વાનુમતે મંજૂર કરવા બાબત.

ઠરાવ ૧ : તા. ૦૬-૦૧-૨૦૧૯ને રવિવારના રોજ તિથલ મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યવાહી નોંધ સર્વાનુમતે મંજૂર કરવામા આવી.

બાબત ૨ : સને ૨૦૧૮-૧૯ના આવક-જાવકના વાર્ષિક ઓડિટેડ હિસાબ તથા સને ૨૦૧૯-૨૦નો અંદાજીત ખર્ચ મંજૂર કરવા બાબત

ઠરાવ ૨ : સને ૨૦૧૮-૧૯ના આવક-જાવકના વાર્ષિક ઓડિટેડ હિસાબ તથા સને ૨૦૧૯-૨૦નો અંદાજીત ખર્ચ સર્વનુમતે મંજૂર કરવામા આવે છે.

બાબત ૩ : સંઘના પ્રમુખ શ્રી કિરીટભાઈ કાંતિલાલ ભાવસારનું અવસાન થતાં સંઘના પ્રમુખ તરીકે તથા અન્ય હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવા બાબત

ઠરાવ ૩ : સંઘના પ્રમુખ શ્રી કિરીટભાઈ કાંતિલાલ ભાવસારનું અવસાન થતાં સંઘના પ્રમુખ તરીકે સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલ દ્વારા જણાવવામા આવ્યું કે સંઘના હાલના મંત્રી શ્રી પંકજભાઈ મનસુખલાલ બાવિશી ઘણા વર્ષોથી તન,મન અને ધનથી સંઘમા પોતાની સેવા આપી રહ્યા છે આથી સંઘના આગામી પ્રમુખ તરીકે તેમના નામની હું દરખાસ્ત કરું છું. વાર્ષિક સામાન્ય સભામા હાજર રહેલા સંઘના સર્વ સભ્યોએ આ દરખાસ્તને પોતાનો ટેકો આપતા સંઘના હવે પછીના પ્રમુખ તરીકે શ્રી પંકજભાઈ મનસુખલાલ બાવિશીની સર્વાનુમતે વરણી થયાનો ઠરાવ કરવામા આવે છે. હવે પછી સંઘના નીચે પ્રમાણેના હોદ્દેદારોની વરણી પણ સર્વાનુમતે કરવામા આવે છે.

ઉપપ્રમુખ તરીકે શ્રી રમણલાલ એલ. પટેલ મંત્રી તરીકે શ્રી કિરીટભાઈ બી. ગંધકવાલા

ખજાનચી શ્રી હિમાંશુભાઈ ટી. પાંધી (જામનગર)

બાબત ૪ : આગામી સ્વ. પી.સી. શાહ સ્મૃતિ એવાર્ડ અર્પણ કરવા બાબત

ઠરાવ ૪ : આગામી સ્વ. પી.સી. શાહ સ્મૃતિ એવાર્ડ ગ્રંથાલયના પ્રચાર અને પ્રસાર માટે જેમણે વર્ષો સુધી કામ કરેલુ છે તેવા માનનીય મણિભાઈ પ્રજાપતિને આપવાનુ સર્વાનુમતે ઠરાવવામા આવે છે.

બાબત ૫ : આગામી ૩૭મો ત્રિદિવસીય ગ્રંથાલય પરિસંવાદ યોજવા બાબત

ઠરાવ ૫ : શ્રી કૈલાશ ટંડેલ (કાર્યકારી ગ્રંથપાલ, નવસારી એગ્રિ, યુનિવર્સિટી, નવસારી) તરફથી નિમંત્રણ મળતાં આગામી વર્ષનો ૩૭મો પરિસંવાદ તા. ૮-૯ અને ૧૦ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ નવસારી મુકામે યોજવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. પ્રમુખશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ થયેલું જાહેર કરવામાં આવ્યું.

તા. ૨૫-૧-૨૦૨૦ પંકજભાઈ બાવિશી (મંત્રી)